# સાથે રહીને કામ કરતાં પ્રતિભાવાન દંપતીઓ

**સમાજમાં એવાં દંપતી જૂજ જોવા મળશે કે જેમાં પતિ અને પત્ની બંનેનાં રસરુચિ એકસમાન હોય. પતિ અને પત્ની એક જ ક્ષેત્રમાં હોય અને એક જ સ્થળે સાથે મળીને કાર્ય કરતાં હોય એવાં દંપતીઓ જે તે ક્ષેત્રમાં કાઠું કાઢે છે તે અંગે આ લેખમાં વાત કરવામાં આવી છે.**



**અમિત ચૌહાણ** . aarpar@gmail.com

સમાજમાં એવાં દંપતી જૂજ જોવા મળશે કે જેમાં પતિ અને પત્ની બંનેનાં રસરુચિ એકસમાન હોય. પતિ અને પત્ની એક જ ક્ષેત્રમાં હોય અને એક જ સ્થળે સાથે મળીને કાર્ય કરતા હોય એવા દંપતીઓ જે તે ક્ષેત્રમાં કાઠું કાઢે છે તે અંગે આ લેખમાં વાત કરવામાં આવી છે.

પાવર કપલ્સ એટલે એવાં યુગલો કે દંપતીઓ કે જેમણે પોતાના રસરુચિને જાણી પીછાણીને અન્ય દંપતીઓ જે રીતે કાર્ય કરતા હોય એથી જુદી જ રીતે કાર્ય કરવાનો કે જીવન જીવવાની રીત અપનાવી હોય.સમાજમાં દંપતીઓ તો અનેક છે.કેટલાક દંપતીઓમાં પતિ-પત્ની બંને જણ કમાય છે.જ્યારે કેટલાક કિસ્સામાં ફક્ત પતિ કમાય છે અને પત્ની ગૃહિણીની ભૂમિકા ભજવે છે.પાવર કપલ્સ ખરા અર્થમાં જોવા જઇએ તો પ્રતિભાસંપન્ન કે શકિતશાળી દંપતીઓ છે.આ દંપતીઓએ કંઇક વિશિષ્ટ કર્યું છે અને સમાજના અન્ય લોકોને નવી દિશા ચીંધી છે.એકબીજાના કાર્યમાં જોડાયેલાં દંપતીઓ ઇમોશનલ ઇન્ટેલિજન્સ વિકસાવી શકે છે.એવું લખાયું છે કે જ્યારે આંતરવૈયક્તિક અથડાણમની સમસ્યા ઊભી થાય છે ત્યારે ભેગા મળીને એક જ ક્ષેત્રમાં કામ કરતા પતિ અને પત્ની આ સમસ્યામાંથી વહેલી તકે ઉકેલ મેળવી શકે છે.

## સિનેમેટિક લવ

સૌપ્રથમ વાત કરીએ મુઝફ્ફર અને મીરા અલીની.તેમની ઓળખ ફિલ્મમેકર્સ અને ડિઝાઇનર્સ તરીકેની છે.નસીબજોગે લગભગ બે દાયકા પહેલા મુઝફ્ફર અને મીરા એકબીજાના સંપર્કમાં આવ્યાં હતાં. વાત જાણે એમ હતી કે મુઝફ્ફરનું આયોજન સુફિઝમ પર ફિલ્મ બનાવવાનું હતું.અને એ માટે મુઝફ્ફરે મીરાની પસંદગી કરી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે મુઝફ્ફરના પિતાનું અવસાન થયું એ પછી કોટવારા લેગસી એટલે કે કોટવારા વારસો સંભાળવાની જવાબદારી મુઝફ્ફરના હાથમાં આવી.

આજે કોટવારા બ્રાન્ડની એક આગવી ઇમેજ છે.હાલ આ બ્રાન્ડનો વહીવટ મુઝફ્ફર અને મીરા સંભાળે છે.કોટવારા બ્રાન્ડ તેના ભરતકામવાળા લહેંગા અને સાડી માટે જાણીતી છે.બીજી વાત એ કે સોનમ કપૂર, મલયકા અરોરાખાન અને કરીનાકપૂર જેવી બોલિવૂડની અભિનેત્રીઓ આ બ્રાન્ડના લહેંગા અને સાડી પહેરે છે.આ દંપતીએ એક એવી સ્કિલ ડેવલપ કરી છે કે જેનાથી તેઓ તેમના કારીગરો સાથે સરળ રીતે ડીલ કરી શકે છે. કારીગરોના કૌશલ્યમાં વધારો કરી શકે છે.આ સ્કિલ એટલે વર્કિંગ રિલેશનશિપ.આ કળા વિકસાવી એમણે આ બ્રાન્ડને વધુ ને વધુ ઊંચાઇએ લઇ જવાનું નક્કી કર્યું છે.મુઝફ્ફર અલી અને મીરા એકબીજાની નિકટ હોવા છતાં બંને જણ પોતપોતાના આગવો કે અલાયદો સમય ફાળવી લે છે.એમને માટે આ જરૂરી છે.મુઝફ્ફર અલીને શું પસંદ છે એવો જો કોઇને સવાલ થાય તો એનો જવાબ એ છે કે એમને મુવિ શુટિંગ ગમે છે.ઉપરાંત પેઇન્ટિંગ અને પોએટ્રીમાં પણ તેઓ ઊંડો રસ લે છે.તેઓ આ બધી પ્રવૃત્તિઓમાં પોતાની જાતને ઢાળી દે છે.સામે પક્ષે મીરા પણ એમના શોખને પોષવા માટે આર્કિટેક્ચર અને ડિઝાઇનમાં રત થઇને ખુશીનો અનુભવ કરે છે.મીરા અલી તો એવું દઢપણે માને છે કે પોતાની જાત માટે સમય ફાળવવો એ દરેક વ્યકિત માટે અત્યંત મહત્ત્વનું છે.કોઇપણ વ્યકિત જ્યારે પોતાની જાત માટે સમય ફાળવે છે ત્યારે એને એની પ્રતિભાનું દર્શન થાય છે.તે ખૂબ સારી રીતે પોતાના વ્યક્તિત્વનું અવલોકન અને પૃથક્કરણ કરી શકે છે.આ પોતાની જાત માટે ફાળવેલો સમય એવી પ્રેરણાદાયક ક્ષણોનો હોય છે કે તમે કોઇ ને કોઇ નવા તાજા વિચાર સાથે પરત ફરો છો.આ દંપતી પાસેથી જાણવા મળે છે કે જ્યારે તમારા ભાગીદાર કે પાર્ટનરને માન આપો છો ત્યારે તમારા પાર્ટનર તરફથી તમને પ્રેરણા મળે છે.હા, પાર્ટનરના દરેક વિચાર સાથે દરેક વખતે સંમત થવું જરૂરી નથી હોતું બલકે અસંમતિ દર્શાવવાની પણ કોઇ એક ચોક્કસ રીત હોવી જોઇએ એવું પણ આ દંપતી જણાવે છે.અને આવું ત્યારે જ બની શકે જ્યારે તમને તમારા પાર્ટનર પ્રત્યે માનની લાગણી હોય.

પથારીમાં સૂવા જઇએ ત્યારે અપસેટ માઇન્ડ સાથે જવું નહીં. આ દંપતીની સફળતાનું રહસ્ય પણ આ જ છે.જેટલો વધારે સમય અપસેટ માઇન્ડની સ્થિતિમાં

વેડફાશે એટલી વ્યક્તિ વધારે હેરાનપરેશાન થશે. મીરા અને મુઝફ્ફર દંપતીની વાત કરીએ તો એમના માટે પહેલા એકબીજાને માન આપવાની વાત આવે છે.એકબીજાને સ્પેસ આપવા માટેની બાબત એમના માટે ખૂબ મહત્ત્વની છે.મીરા અલી સૂચવે છે કે તમારા અભિપ્રાયો શૅર કરતા પહેલા તમારા પાર્ટનર કે સાથીદારને ધ્યાનથી સાંભળો.

## પહેલી નજરનો પ્રેમ



પંકજ અને નિધિ આહુજાની વાત કરીએ તો કહેવું પડે કે તેઓ ફેશન ડિઝાઇનર્સ છે. સફળ દંપતી તરીકેની ઓળખ ધરાવનાર આ ડિઝાઇનર બેલડીમાં પતિ પંકજ કહે છે કે“કોઇના પ્રત્યે માન ન હોવું એ પ્રેમ ન હોવા બરાબર છે.” પંકજ આહુજા એમના પત્ની નિધિને ખૂબ જ માનપૂર્વક જુએ છે.વર્ષ ૨૦૦૨માં રોહિત બાલના સ્ટુડિયો ખાતે પંકજ અને નિધિની પ્રેમકથાનો પ્રારંભ થયો હતો.રોહિત બાલના સ્ટુડિયો ખાતે પંકજ આહુજા હેડ ડિઝાઇનર તરીકે કાર્ય કરતા હતા.અને નિધિ એનઆઇએફટીના ફ્રેશ આઉટ ( શિક્ષણ સંસ્થામાંથી તાજા બહાર આવેલા ) ડિઝાઇનર હતા.નિધિને અહીં જુનિયર ડિઝાઇનર તરીકે રાખવામાં આવ્યાં હતાં. બંને જણની વચ્ચે નવ વર્ષની વયનું અંતર અથવા તો એમ કહો કે ગેપ હતી.છતાં પણ આકર્ષણ થવું દેખીતી વાત હતી. પંકજ આહુજા એ સમય યાદ કરીને જણાવે છે કે, “મારી વાત કરું તો હું ગંભીર અને કામ પ્રત્યે એકાગ્ર રહેનારો બોસ હતો.અને એટલે કલિગ તરફ આકર્ષાવું મારા માટે પ્રતિકૂળ કે અતડું હતું. હું ઘણા મહિના સુધી આ સ્થિતિને લઇને ઝઝૂમતો રહ્યો.પરંતુ તેની સખત મહેનત અને સિન્સિયારિટીને નજરઅંદાજ કરી શક્યો નહીં.”

ખેર, વર્ષ ૨૦૦૪માં બંને જણ પરણી ગયા. નિધિએ એક એક્સપર્ટ ડિઝાઇન સ્ટુડિયો સાથે જોડાઇને કામ શરૂ કરી દીધું હતું.વર્ષ ૨૦૦૬માં પંકજ આહુજાએ એમનું આગવું લેબલ શરૂ કર્યું હતું.તેમને અહેસાસ થયો હતો કે બિઝનેસ વર્ક માટે જોડાણ કરવું જરૂરી છે.આજે ઘણા સફળતાપૂર્વકના શો અને આંતરરાષ્ટ્રીય પ્રેઝન્સ (હાજરી)ને લઇને આ દંપતીએ તેમના નોઇડા ખાતેના સ્ટુડિયોમાં કામ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.નિધિ ક્લાયન્ટ્સ સાથેનું સોશિયલ ઇન્ટેરેક્શન સંભાળે છે જયારે પંકજ ઇન્ટરનેશનલ ટ્રાવેલ અને ગ્રાહકો સંભાળે છે.બંને જણ એકબીજાને પૂરતી સ્પેસ આપે છે.નિધિના કહેવા અનુસાર પંકજ એમના અભિપ્રાયોને રિસ્પેક્ટ આપે છે.અને આ બાબત નિધિ માટે સલામતીની ભાવના પેદા કરે છે.તેમને લાગે છે કે બંને જણ ખરા અર્થમાં ભાગીદાર છે.

## ધ ડિજિટલ ડ્રીમ

મિસ માલિની લાઇફસ્ટાઇલ બ્લોગની વાત આવે એટલે માલિની અગરવાલ અને નૌશાદ રિઝવાનુલ્લાહની તુરત યાદ આવે.હા, માલિની અગરવાલની ઓળખ મિસ માલિની એન્ટરટેઇન્મેન્ટના ક્રિએટિવ ડાયરેક્ટર અને ફાઉન્ડર તરીકેની છે.તેઓ જાણીતા બ્લોગર પણ છે.ડિજિટલ ફ્રન્ટ ઉપર જયારે તેમણે સેલિબ્રિટી સ્ટેટસ પ્રાપ્ત કરી લીધું છે ત્યારે તેનો સઘળો જશ તેઓ તેમના પતિ અને કંપનીના સીઇઓ નૌશાદ રિઝવાનુલ્લાહને આપે છે.માલિની અગરવાલના જણાવ્યા અનુસાર જયારે એમને સફળતા મળે છે, એમના પતિ નૌશાદ ગૌરવ અને હર્ષની લાગણી મહેસૂસ કરે છે.આ યુગલની મુલાકાત મુંબઇમાં વર્ષ ૨૦૦૭માં થઇ હતી.એ વેળા રિઝવાનુલ્લાહ મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ખાતે કાર્ય કરતા હતા.બિઝનેસ ડેવલપમેન્ટ એન્ડ એક્સપોર્ટ સ્ટ્રેટેજિસ્ટ તરીકે તેઓ ત્યાં કામ કરતા હતા.સામે છેડે માલિની અગરવાલ ‘રેડિયો વન’ ખાતે લોકપ્રિય આર.જે. તરીકે ફરજ બજાવતાં હતાં.રિઝવાનુલ્લાહે વર્ષ ૨૦૦૮માં હાર્વર્ડ બિઝનેસ સ્કૂલમાંથી એમબીએ કર્યું હતું.માલિની અગરવાલની વાત કરીએ તો કહેવું પડે કે એમણે એમના બ્લોગની શરૂઆત એક શોખ તરીકે કરી હતી.માલિની એમના લગ્ન પ્રસંગને યાદ કરતા કહે છે કે, “બે વર્ષના લાંબા સમયગાળા બાદ અમે લગ્ન કરવાનું નક્કી કર્યું હતું.” આ યુગલનું માનવું છે કે કોઇપણ દંપતી સાથે ત્યારે જ કામ કરી શકે જયારે તે દંપતીમાં પતિ અને પત્ની બંને જણ તેઓ જે કાર્ય કરે છે તેને ખરા દિલથી ચાહતાં હોય.

અત્રે નોંધનીય છે કે માલિની અગરવાલની એક વિશિષ્ટ લાક્ષણિકતા એ છે કે તેઓ લોકો સાથે સરળતાથી જોડાઇ જઇ શકે છે.અને આ જ લાક્ષણિકતાએ નૌશાદ રિઝવાનુલ્લાહને જોખમ ઉઠાવવાની હિંમત આપી હતી.તમારા કાર્ય બહારની એવી કોઇ રમૂજપ્રેરક પ્રવૃત્તિ શોધવાનો પ્રયત્ન કરો કે જે તમને ઉત્સાહી રાખે. આ દંપતી આવું વિચારે છે.તેઓ સૂચવે છે કે કૂકિંગ,ટ્રાવેલિંગ,યોગા વગેરેમાં જાતને જોડી શકાય છે. કામના સ્થળે કાર્ય મામલે ઘણી બધી ગૂંચો અને દલીલો ઉદ્‌ભવતી હોય છે.આ દંપતી જણાવે છે કે આ બધું કાર્યસ્થળે છોડીને ઘરે આવો.

